Seat No. : ______________

# LE-112

**April-2014**

## B.Ed. (Sem.-II)

## B-501 : Gujarati

## Gujarati Method and Content

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **તમામ** પ્રશ્નો ફરજિયાત છે.

(2) વિકલ્પો આંતરિક છે.

1. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો આશરે **750** શબ્દોમાં જવાબ આપો : **10**

(1) અતિજ્ઞાન કૃતિને આધારે તેના શીર્ષકની યથાર્થતા ચર્ચો તથા તે સંદર્ભે સહદેવનું પાત્રાલેખન કરો.

(2) 'જૂનું પિયરઘર' કાવ્યનાં કર્તાનો પરિચય આપી કાવ્યના મુખ્ય ભાવની ચર્ચા કરો.

(બ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર **125** શબ્દોમાં આપો : **4**

(1) કાકાસાહેબ કાલેલકરની કૃતિ 'આક્કા'ના મુખ્ય પાત્રનાં વ્યક્તિત્વ અંગે નોંધ તૈયાર કરો.

(2) 'પૃથિવીવલ્લભ' નવલકથા ખંડનાં સંદર્ભે મુંજનું પાત્રાલેખન કરો.

(3) ક.મા. મુન્શીની સાહિત્ય સેવા તથા તેઓની કોઈપણ એક નોંધપાત્ર કૃતિનો પરિચય આપો.

2. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **બે** પ્રશ્નોના આશરે **100** શબ્દોમાં ઉત્તર આપો : **10**

(1) કાવ્યશિક્ષણને રસપ્રદ બનાવવા માટે તમે વર્ગશિક્ષણ દરમ્યાન કઈ કઈ શૈક્ષણિક પ્રવૃત્તિ કરી શકો છો ? સઉદાહરણ સમજાવો.

(2) એકમ આયોજન વિષયવસ્તુના ઉંડાણને સ્પર્શવા સક્ષમ છે. વિધાનની સત્યતા સાબિત કરો.

(3) 'કાળા પાટીયાં પર શૈક્ષણિક મુદ્દાઓનું વ્યવસ્થિત આલેખન શિક્ષક તથા વિદ્યાર્થી બંને માટે ઉપયોગી છે.' વિધાન સમજાવો.

(બ) નીચેનામાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **500** શબ્દોમાં કરો : **4**

(1) વ્યાકરણ શિક્ષણ માટેની શ્રેષ્ઠ પદ્ધતિ અંગે સઉદાહરણ ચર્ચા કરો.

(2) તાસ આયોજનમાં સામાન્ય હેતુઓ તથા વિશિષ્ટ હેતુઓ વચ્ચેના તફાવત અંગે સઉદાહરણ નોંધ તૈયાર કરો.

3. (અ) નીચેનામાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **750** શબ્દોમાં આપો : **10**

(1) લેખન કૌશલ્યનાં મહત્ત્વને સ્પષ્ટ કરી તેને ખીલવવા માટે તમે કઈ કઈ પ્રવૃત્તિઓનું આયોજન કરશો ? તે અંગે નોંધ તૈયાર કરો.

(2) મુકવાચન એટલે શું ? તેમાં કયા પ્રકારની પ્રયુક્તિનો ઉપયોગ કરી તેને ખીલવી શકાય ? સવિસ્તાર નોંધ તૈયાર કરો.

(બ) નીચેનામાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **125** શબ્દોમાં આપો : **4**

(1) માતૃભાષા શિક્ષણમાં ઉપયોગી તેવા કોઈપણ બે દૃશ્ય-શ્રાવ્ય સાધન વિશે નોંધ તૈયાર કરો.

(2) જૂથ-ચર્ચા પદ્ધતિના લાભા-લાભ ચર્ચો.

(3) વાચન કૌશલ્યની ઉપયોગિતા સાબિત કરો.

4. (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી ગમે તે **બે** પ્રશ્નોનાં ઉત્તર આશરે **100** શબ્દોમાં આપો : **10**

(1) સારા પાઠ્યપુસ્તકના લક્ષણો જણાવો.

(2) ધોરણ-9ની કોઈપણ એક કૃતિને આધારે બે અનાત્મલક્ષી કસોટીઓ તૈયાર કરો.

(3) બ્લ્યુપ્રિન્ટનાં મહત્ત્વ અંગે નોંધ તૈયાર કરી તેની રચના કરતી વખતે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખશો ? સવિસ્તાર જણાવો.

(બ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **500** શબ્દોમાં આપો : **4**

(1) ભાષાખંડની સજાવટ કેવી રીતે કરશો ?

(2) માતૃભાષાનાં શિક્ષક બનવા માટે કયા આવશ્યક ગુણ-લક્ષણો હોવા જરૂરી છે. સવિસ્તાર નોંધ તૈયાર કરો.

5. નીચે આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરો : **14**

(1) ભિલ્લમનું પાત્ર કયા પાઠમાં આવે છે ?

(a) અતિજ્ઞાન (b) આક્કા

(c) પૃથિવીવલ્લભ (d) જૂનું પિયરઘર

(2) વિદ્યાર્થીઓ પૂર્વજ્ઞાનને આધારે વિષયપ્રવેશ કરે તેને કયું કૌશલ્ય કહેવાય ?

(a) સ્પષ્ટીકરણ કૌશલ્ય (b) લેખન કૌશલ્ય

(c) કા.પા. કૌશલ્ય (d) વિષયાભિમુખ કૌશલ્ય

(3) પૂર્વાલાપ કોનો કાવ્યસંગ્રહ છે ?

(a) કાન્ત (b) ચીનુ મોદી

(c) બ.ક. ઠાકોર (d) કલાપી

(4) મરાઠી ભાષામાં આક્કા શબ્દનો અર્થ શું થાય ?

(a) માતા (b) ભાભી

(c) મોટી બહેન (d) નણંદ

(5) પાઠ્યપુસ્તકની અધ્યયન સામગ્રીની વધુ સ્પષ્ટતા માટે કયું સાહિત્ય ઉપયોગી કહેવાય ?

(a) સંદર્ભ સાહિત્ય (b) લોક સાહિત્ય

(c) પ્રાચીન સાહિત્ય (d) અર્થબોધ સાહિત્ય

(6) ભાષાની સમૃદ્ધિનો આધાર શાના પર છે ?

(a) અભિવ્યક્તિ (b) લેખન

(c) શબ્દભંડોળ (d) વાર્તાકથન

(7) નીચેનામાંથી કઈ પદ્ધતિ સૌથી વધુ શિક્ષકકેન્દ્રી છે ?

(a) પ્રોજેક્ટ પદ્ધતિ (b) સ્વાધ્યાય પદ્ધતિ

(c) વ્યાખ્યાન પદ્ધતિ (d) જૂથચર્ચા

(8) નીચેનામાંથી કયા વિકલ્પને આધારે વિશિષ્ટ હેતુઓ નક્કી થઈ શકે ?

(a) શૈક્ષણિક મુદ્દાઓ (b) શિક્ષક પ્રવૃત્તિ

(c) વિદ્યાર્થી પ્રવૃત્તિ (d) મૂલ્યાંકન

(9) મૃણાલવતીનું પાત્ર કઈ કૃતિમાં આવે છે ?

(a) અતિજ્ઞાન (b) આક્કા

(c) પૃથિવીવલ્લભ (d) જૂનું પિયરઘર

(10) "ઘરમાં પોપટ રાખ્યો છે તેને ઉડાડી દઈએ" વિધાન દ્વારા આક્કાનો કયો ગુણ દર્શાવવામાં આવ્યો છે ?

(a) સંવેદનશીલતા (b) બહાદુરી

(c) ધર્મભિરુતા (d) સૌંદર્યલક્ષીતા

(11) જૂથચર્ચા પદ્ધતિના વિનિયોગ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓમાં કયા ગુણનો વિકાસ કરી શકે છે ?

(a) એકતા અને સાહચર્ય (b) પરિણામલક્ષીતા

(c) વ્યક્તિગત ભિન્નતા (d) અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય

(12) જૂનું પિયરઘર કાવ્યનાં અંતિમ ચરણમાં 'નાથ' શબ્દ કોના માટે પ્રયોજાયેલ જણાય છે ?

(a) પતિ તથા પરમેશ્વર (b) શ્રીનાથજી

(c) નાથ સંપ્રદાયના સાધુ (d) વ્યક્તિવિશેષ

(13) સાહિત્યમાં વિદ્યાર્થીઓને રસ લેતાં કરવા માટે શિક્ષકે કઈ બાબતને સૌથી વધારે મહત્ત્વ આપવું જ રહ્યું ?

(a) વિશેષ વાચન (b) આદર્શ લેખન

(c) શિસ્ત (d) મૂલ્યાંકન

(14) 'બહુ વિકલ્પ કસોટી' એ મૂલ્યાંકનનો કયો પ્રકાર ગણાય ?

(a) આત્મલક્ષી (b) આંતરિક

(c) અનાત્મલક્ષી (d) સર્વાંગી